# બાપુ ગુજરાત નૉલેજ વિલેજ દ્વારા ચાર કાઉન્સેલિંગ સૅન્ટર્સ શરૂ કરાયાં

## સૅન્ટર્સ દ્વારા વિદ્યાર્થીઓને ઍન્જિનીયરિંગ, ફાર્મસી, ડિપ્લોમા ઍન્જિનીયરિંગ, બીઍસસી, બીકૉમ, લૉ, નર્સિંગ વગેરે ક્ષેત્રોમાં કારકિર્દીની તકો તથા દરેક ક્ષેત્રની ઍડમિશન પ્રૉસેસની વિગતવાર માહિતી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર-માણસા હાઈવે પર નૈસર્ગિક વાતાવરણમાં ૨૦૦૯થી ઉચ્ચ અભ્યાસનું અવિરત શિક્ષણ આપી રહેલું બાપુ ગુજરાત નોલેજ વિલેજ પોતાની શતાબ્દિ ઉજવી રહ્યું છે ત્યારે તેના દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની સાચી દિશા ચિંધવા માટે ગાંધીનગર-અમદાવાદ જિલ્લામાં ચાર કાઉન્સેલિંગ સેન્ટર ખોલવામાં આવ્યાં છે.

શંકરસિંહ વાઘેલા બાપુ ગ્રૂપ ઑફ ઈન્સ્ટીટ્યુટ્સ, ગાંધીનગર-માણસા રોડ, વાસન, ગાંધીનગર, મો. ૯૪૨૬૬ ૭૮૭૦૩, સૅક્ટર-૧૬, ઍચડીઍફસી બૅન્કની બાજુમાં, ગાંધીનગર, મો. ૯૪૨૬૬ ૭૯૭૦૩, શોપ નં. ૬૧, ગ્રાઉન્ડ ફ્લોર, નક્ષત્ર મોલ, આઈઓસી રોડ, ચાંદખેડા, અમદાવાદ, મો. ૯૪૨૬૬ ૭૪૭૦૩ અને ચૌધરી સંકુલ, ફતેપુરા રોડ, માણસા, મો. ૯૪૨૬૬ ૭૪૭૦૩.

આ સૅન્ટર્સમાં વિદ્યાર્થીઓને ઍન્જિનીયરિંગ, ફાર્મસી, ડિપ્લોમા ઍન્જિનીયરિંગ, બીઍસસી, બીકૉમ, લૉ, નર્સિંગ વગેરે ક્ષેત્રોમાં કારકિર્દીની તકો તથા દરેક ક્ષેત્રની ઍડમિશન પ્રૉસેસની વિગતવાર માહિતી આપવામાં આવશે. ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ અને વાલીમિત્રોને આ સૅન્ટર્સની મુલાકાત લઈ ઉપયોગી માહિતી મેળવવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા

# હાસ્ય દરબાર કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૭

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, ગાંધીનગર દ્વારા નવા વર્ષના પ્રથમ કાર્યક્રમ તરીકે હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવારે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજાયેલા આ કાર્યક્રમના પ્રારંભે સુરત દુર્ઘટનામાં મૃત્યુ પામેલાં બાળકોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના મોભી અશ્વિનભાઈ ત્રિવેદી (નાયબ સચિવ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બૉર્ડ) અને કલાકારો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. લક્ષ્મણ કંસારા, જી પી પટેલ, જી કે ત્રિવેદી અને લાલજી હેરમાના હસ્તે કલાકારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ હાસ્ય કાર્યક્રમમાં મિલનભાઈ ત્રિવેદી, દિગુભા ચુડાસમા અને ભરતદાન ગઢવી કલાકાર તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના મોભી મહેન્દ્રભાઈ ત્રિવેદીને દિલ્હી ખાતે ૨૭ દેશોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઈન્ટરનેશનલ યોગ ફૅડરેશનના ચૅરમૅન બનાવાયા તે બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા ગોવિંદભાઈ આહિર, મુકેશ કાલાવાડિયા, કિશોર માતરિયા, હેમાંગ જોશી, ચેતન ભટ્ટ દ્વારા સક્રિય યોગદાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલન જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી



જિજ્ઞેશ ટાટરિયા



પારૂલબેન કૌશિકકુમાર ખડાયતા



મંથન કૌશિકકુમાર ખડાયતા

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# માતૃભાષાની ૨૦મી કાર્યશાળા યોજાઈ






ગાંધીનગર, તા. ૨૭

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૨૦મી બેઠકમાં જોડણીના નિયમો અને રહસ્યોનું રસપ્રદ જ્ઞાન જેઠાભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. ગાંધીનગર બાળ વિશ્વવિદ્યાલય ખાતે ગુજરાતી ભાષાના ભાવકો વચ્ચે એકાક્ષરી, બે, ત્રણ, ચાર અને તેથી વધુ વખત અક્ષરની જોડણી સરળ-સહજ રીતે યાદ રાખી શકાય એ માટેની વિશદ માહિતી આપવામાં આવી હતી. જેઠાભાઈ પટેલ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વિજેતા છે. તેઓ ગુજરાતી જોડણી સુધારણા અભિયાનમાં સક્રિય છે. તેઓ સરકારી કર્મચારીઓ માટે વહીવટમાં શુદ્ધ ગુજરાતી ભાષાના ઉપયોગ માટે પણ કાર્ય કરે છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ જેઠાભાઈ પટેલ માતૃભાષા કાર્યશાળામાં પધાર્યા હતા અને એમનો કાર્યક્રમ બાયસૅગ દ્વારા રૅકોર્ડ કરવામાં આવ્યો હતો. જેઠાભાઈ પટેલનું સ્મૃતિચિહ્નના માધ્યમથી હર્ષદ પ્ર શાહ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંયોજન સંજય પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. જેઠાભાઈ સાચી-ખોટી જોડણીના પ્લેકાર્ડ દ્વારા જોડણી શીખવે છે. આ વખતે ભાવકોએ બધા જ જવાબ સાચા આપતાં એ સાબિત થયું કે ભાવકો ગુજરાતી આત્મસાત કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં કિશોર જીકાદરા, સંજય થોરાત, રોહિણી પરમાર, અશોક ત્રિવેદી, કલ્પનાબેન, જિજ્ઞા મહેતા, રણછોડ પરમાર, પાયલ પટેલિયા જેવા સાહિત્યપ્રેમી અને ભાષાના જાણકારો ઉપસ્થિત રહ્યાં હતાં. જેઠાભાઈ પટેલનું 'સંપૂર્ણ ગુજરાતી વ્યાકરણ' પુસ્તક પણ ગુજરાતી ભાષાપ્રેમીઓમાં આગવું સ્થાન ધરાવે છે.

# ૧લી જૂને આંબેડકર હૉલમાં 'સાજીંદા શોભા ગાંધીનગર'

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ૧લી જૂને ગાંધીનગરમાં 'સાજિંદા શોભા ગાંધીનગર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વાંસળી, સેક્સાફોન, તબલાં, કીબોર્ડ, ગિટારવાદકો સંગત જમાવશે, જેમની સાથે શહેરના સિંગર્સ હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરશે. નરેશ વોરા હાસ્ય કલાકાર તરીકે ઉપસ્થિત રહેશે.

સૌ સંગીત રસિકોને આ કાર્યક્રમ માણવા આયોજક સંસ્થાઓ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ નિઃશુલ્ક તથા સૌ ગીત-સંગીતરસિકો માટે ખુલ્લો છે.

# સે. ૨૮ની આરાધના વિદ્યાવિહારનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧ ટકા

ગાંધીનગર, તા. ૨૭

આરાધના વિદ્યાવિહારનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧ ટકા આવ્યું છે.

આર્ટ્સમાં ચિરાગ એમ ચૌધરી, મેહુલ વિ બામ્ભા અને સંજય જે મકવાણા તથા કોમર્સ વિભાગમાં કિરણ બી મકવાણા, સુખદેવ જી ખાટ અને જગદીશ બી રાજગોર અનુક્રમે સ્કૂલમાં ઉત્તીર્ણ થયા છે. શાળા પરિવાર દ્વારા સૌ ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદ સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.




શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (નૉન ગ્રાન્ટેડ)ની વિદ્યાર્થિની ભૂમિ એસ વણઝારાએ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૫.૩૬ પર્સેન્ટાઈલ (૭૯.૦૭ ટકા) તથા નેહા શૈલેષજી ઠાકોરે ૯૭.૫૩ પર્સેન્ટાઈલ (૮૧.૪૩ ટકા) પરિણામ મેળવીને શાળા તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સંસ્થા તથા શાળા પરિવાર વતી બંને તેજસ્વી વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૧મો મણકો ॥

મારા પતિ મારી પાસેથી ઘણું જ કામ લે છે. જ્યારે એમને કંઈક બહુ અઘરી વસ્તુ સમજાવવાની હોય ત્યારે મારે જ દુભાષિયાનું કામ કરવું પડે છે. પણ વરસેકથી હું આરામ ભોગવું છું અને હાલ સરકારી દુભાષિયા મારે વતી એ કામ કરે છે.

ગાંધીજી (હસતાં હસતાં) : એનો અર્થ એ થયો કે તમે બેવફા પત્ની છો.

મૅડમ ચાંગ : હાસ્તો, એ કંઈ દુભાષિયાને નહોતા પરણ્યા. સ્ત્રીને પરણ્યા હતા.

150 ગાંધીયાત્રા

આમ વાતોમાં વચ્ચે વચ્ચે હાસ્યની છોળો ઊડતી જાય અને વાતચીતનો પ્રવાહ પણ આગળ ધપતો જાય. છેવટે ચાંગ દંપતીને ગાંધીજીની વિદાય લેવાનો સમય આવી પહોંચ્યો ત્યારે મૅડમ ચાંગ બોલ્યાં : મેં એટલા બધા પુરુષોને જોયા છે કે હું કોઈને વશ ન થાઉં, પણ મહાત્માજીએ મને એમની મોહની લગાડી દીધી છે.

ગાંધીજીએ તેમને ધનુષતકલીની ભેટ આપી હતી. મૅડમ તેના પર કાંતે કે ન કાંતે પણ આ 'ગરીબોના સમ્રાટ'ની એ પ્રેમભરી ભેટ તો કાયમને માટે તેમણે સંગ્રહી રાખી હશે.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

### જુનામાંકા ખાતે વેસ્ટર્ન સીડ્સના સહયોગથી

# સર્વરોગ નિદાન અને રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

હારિજ તાલુકાના જુનામાંકા ખાતે પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ જુનાગઢ, આત્મિય અનંતહર્ષ ભગવાનદાસ મેમોરીયલ ટ્રસ્ટ જુનામાંકા અને ગાંધીનગરની વેસ્ટર્ન એગ્રી સીડ્સ લિમીટેડના સહયોગથી રક્તદાન કેમ્પ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં પાંચસો જેટલા લાભાર્થીઓની વિવિધ તકલીફો અંગે તબીબો દ્વારા નિદાન તપાસ કરાઈ હતી અને તેમને જરૂરિયાત મુજબ યોગ્ય સલાહ તથા દવાઓ પુરી પાડવામાં આવી હતી. રક્તદાન કેમ્પમાં સ્થાનિક યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મોટી સંખ્યામાં રક્તદાન કર્યુ હતુ.



જુનામાંકા ખાતે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં પાટણના તબીબો ડૉ. અંબાલાલ પટેલ, ડૉ. તુષારભાઈ દેસાઈ, ડૉ. પ્રમોદભાઈ પટેલ, ડૉ. મુકેશભાઈ પટેલ, ડૉ. સંદિપ પટેલ, ડૉ. દિલીપ પટેલ તથા ડૉ. કશ્યપ પટેલે સેવાઓ આપી હતી. ગાંધીનગરની વેસ્ટર્ન એગ્રી સીડ્સના એમડી એન.પી. પટેલે તબીબોની સેવાને બિરદાવી પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કર્યા હતા. સમગ્ર સેવા કાર્યને ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવતા કહ્યુ હતુ કે આત્મિય અનંત હર્ષ અને પૂ. ભગુદાદાને આપવામાં આવેલી આ સાચી શ્રદ્ધાંજલિ હતી. કેમ્પમાં ગ્રામીણ વિસ્તારના જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને વિના મુલ્યે સારવાર તથા દવાની સેવા પ્રાપ્ત થવા પામી હતી.

# સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં વીસીના મામલે વિવાદ

## યુનિવર્સિટીની રચના સમયે રજૂ કરાયેલી ફોર્મ્યુલા પણ પળાઈ નહીં હોવાનો જાણકારોનો મત

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની મુદત આગામી બે માસમાં પૂર્ણ થઈ રહી છે. નવા કુલપતિની નિમણૂક માટે સર્ચ કમિટીની રચના કરી દેવામાં આવી છે. આશ્ચર્યની વાત એ કે હાલના કુલપતિને અગાઉ બે ટર્મ મળી હોવા છતાં સર્ચ કમિટીએ ત્રીજી વખત આ જ કુલપતિને નિમણૂક આપવા માટેના નામની ભલામણ કરતાં ભારે વિવાદ થયો છે.

તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને ૨૦૦૯-૧૦માં સ્પોર્ટસનું સ્તર ઊંચુ લાવવાના હેતુથી રાજ્યમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીની રચના કરી હતી. ગાંધીનગરમાં સેક્ટર ૧૫માં શરૂ કરાયેલી આ સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં જે-તે સમયે જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સરકારી-ગ્રાન્ટેડ બીપીએડ કોલેજોને જોડાણ આપી દેવામાં આવ્યું હતું. સ્પોર્ટસના નિષ્ણાતોના કહેવા પ્રમાણે જે-તે સમયે રાજકોટ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટર જતીન સોનીની નિમણૂક સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પહેલા કુલપતિ તરીકે કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સત્તાવાર રીતે બે વર્ષ બાદ ફરીવાર કુલપતિ તરીકે તેમની જ નિયુક્તિ કરવામાં આવી હતી. ત્રણ વર્ષ પછી તેમને ફરીવાર કુલપતિ તરીકે રિપીટ કરવામાં આવ્યા હતા. આમ, સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ તરીકે તેઓની બે ટર્મ પૂર્ણ થઈ ચુકી છે. તેમને ચાર્જ સોંપવામાં આવ્યો તે કાર્યકાળ પણ ગણવામાં આવે તો કુલ સાડા સાતથી આઠ વર્ષ સુધી સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ તરીકે તેઓએ ફરજ બજાવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના નિયમ પ્રમાણે કોઈપણ કુલપતિને વધુમાં વધુ બે ટર્મ આપી શકાય છે. ત્યારબાદ તેઓ લાયક હોય તો પણ તેમને રીપીટ કરી શકાતા નથી. તાજેતરમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીના નવા કુલપતિની નિયુક્તિ માટે રચાયેલી સર્ચ કમિટીએ આશ્ચર્યજનક રીતે ત્રીજી વખત આ જ કુલપતિનું નામ પેનલમાં મૂકી દીધું હતું. આ મુદ્દે સ્પોર્ટસના નિષ્ણાતોએ વિરોધ કરતાં હાલમાં સર્ચ કમિટીએ આપેલા નામો પર કોઈ નિર્ણય લઈ શકાયો નથી. સૂત્રો કહે છે સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિના હાથ નીચે ભૂતકાળમાં સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં ભાગ લઈ ચુકેલી એક વિદ્યાર્થિનીને જ સર્ચ કમિટીમાં એક સભ્ય તરીકે નિયુક્ત કરી કરાઈ છે.

સ્પોર્ટ્સ યુનિવર્સિટીની રચના થઈ ત્યારે સ્પોર્ટ્સના એક્સપર્ટ દ્વારા એવી ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી હતી કે, યુનિવર્સિટીમાં કુલ પાંચ વર્ષના કોર્સ ચલાવવામાં આવે. આ કોર્સમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પૈકી જો કોઈ એક વર્ષનો કોર્સ કરે તો તેને ત્રીજા ધોરણમાં સ્પોર્ટસના શિક્ષક તરીકે, કોઈ બે વર્ષનો કોર્સ કરે તો તેને પાંચમા ધોરણ, કોઈ ત્રણ વર્ષનો કોર્સ કરે તો ધો.૧૦ સુધી કોઈ ચાર વર્ષનો કોર્સ કરે તો તેને ધો.૧૨ સુધી અને જે વિદ્યાર્થી પાંચ વર્ષનો કોર્સ કરે તેને કોલેજમાં ફિઝિકલ એજ્યુકેશનના પ્રોફેસર તરીકે નિયુક્તિ આપવી તેવુ નક્કી થયુ હતુ. વાસ્તવિક્તા એ કે આ ફોર્મ્યુલાનો આજ સુધી કોઈ અમલ જ કરાયો નથી.

### મેડિકલ અને ઈજનેરીના વિદ્યાર્થીઓ

# આર્ટ્સમાં માસ્ટર ડિગ્રી કરી શકશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્યમાંથી યુપીએસસીની પરીક્ષા આપતાં મોટાભાગના ઉમેદવારો ગુજરાતી અથવા તો આર્ટસના જુદા જુદા વિષયો રાખતાં હોય છે. જેના કારણે મેડિકલ-ઈજનેરી જેવી વિવિધ બ્રાન્ચમાંથી ગ્રેજ્યુએશન કરનારા ઉમેદવારો આર્ટસમાં માસ્ટર ડિગ્રી કરવા ઈચ્છતાં હોય છે. હાલમાં યુનિવર્સિટી દ્વારા આ પ્રકારની અરજીઓ આવે તો તે અંગે વ્યક્તિગત નિર્ણયો કરવામાં આવે છે. પરંતુ આગામી દિવસોમાં મેડિકલ-ઈજનેરી સહિત બીએસસી, કોમર્સમાંથી પણ વિદ્યાર્થીઓને એમ.એ. કરવાની છૂટ આપવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.

યુનિવર્સિટી ભવન અને કોલેજોમાં ચાલતાં પી.જી. આર્ટસ સેન્ટરોમાં જુદા જુદા વિષયો સાથે માસ્ટર ડિગ્રી કરવાની વ્યવસ્થા આપવામાં આવે છે. વિદ્યાર્થીઓએ જે વિષયમાં બેચરલ ડિગ્રી લીધી હોય તેમાં જ માસ્ટર ડિગ્રી કરવાની વ્યવસ્થા આપવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી કોમર્સ, સાયન્સ કે મેડિકલ-ઈજનેરી કર્યા બાદ એમ.એ. કરવા માગે તો આવી કોઈ સત્તાવાર વ્યવસ્થા હાલ ઉપલબ્ધ નથી. પરંતુ જો કોઈ વિદ્યાર્થી આ પ્રકારની માંગણી કરે તો સત્તાધીશો દ્વારા બ્રિજ કોર્સ કરવાની શરતે વ્યક્તિગત મંજૂરી આપવામાં આવે છે. યુપીએસસી-જીપીએસસી સહિતની જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આર્ટસના જુદા જુદા વિષયો જેવા કે ગુજરાતી, હિન્દી, ઈતિહાસ, સાહિત્ય, સોશિયોલોજી, સાયકોલોજી વગેરે લેતાં હોય છે. માત્ર આર્ટસ સાથે ગ્રેજ્યુએશન થયા હોય તેવા વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ કોમર્સ, સાયન્સ અને મેડિકલ સાથે ગ્રેજ્યુએશન થનારા વિદ્યાર્થીઓ પણ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવા માટે આ વિષયો પસંદ કરે છે. આમ, આર્ટસ તરફ વિદ્યાર્થીઓની રૂચી વધી રહી છે ત્યારે હવે આગામી દિવસોમાં સત્તાવાર રીતે કોઈપણ ફેકલ્ટીના વિદ્યાર્થીને આર્ટસમાં માસ્ટર ડિગ્રી કરવાની મંજૂરી આપવાની દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

છેલ્લા ત્રણ-ચાર વર્ષથી જે પ્રકારે વિદ્યાર્થીઓની અરજીઓ આવે તે પ્રકારે જે તે વિષયના અધ્યાપકો અને યુનિવર્સિટી સત્તાધીશો બ્રિજ કોર્સ અથવા તો અન્ય કોઈ વિષયો ભણવાની શરતે મંજૂરી આપે છે. પરંતુ હવે આગામી દિવસોમાં સત્તાવાર રીતે વિદ્યાર્થીઓ એમ.એ.માં પ્રવેશ લઈ શકે તે પ્રકારની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. કો-ઓર્ડિનેટર કહે છે આ અંગે યુનિવર્સિટીએ સત્તાવાર કોઈ નિર્ણય કર્યો છે કે નહીં તે અંગે જાણકારી મેળવીને જો આ અંગે નિર્ણય ન થયો હોય તો આગામી દિવસોમાં એકેડેમિક કાઉન્સિલમાં ઠરાવ કરવામાં આવશે.

### અમદાવાદમાં ૧૭ હજાર બેઠક સામે

# ધોરણ-૧૧ સાયન્સમાં ૧૫ હજાર વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૨૭

ધોરણ-૧૧ સાયન્સમાં અમદાવાદની ૧૭ હજાર બેઠક સામે ૭૦ ટકા કરતા વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ ૧૫ હજાર જ છે. એટલે કે, ધોરણ-૧૦માં ૭૦ ટકાથી વધુ માર્ક લાવનારા તમામ વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ મેળવે તો પણ ૨ હજાર બેઠક ખાલી પડી શકે છે. તેમાં પણ ૮૦ ટકાથી વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા તો માંડ પાંચ હજાર જ છે. જોકે, ૬૦ ટકાથી વધુ ગુણ લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોઈ તેઓ ધો.૧૧ સાયન્સમાં પ્રવેશ માટે રસ દાખવે તો સ્પર્ધા જોવા મળી શકે છે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરાયા બાદ અમદાવાદ શહેર અને ગ્રામ્યની સાયન્સની શાળાઓમાં ધોરણ-૧૧માં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ થઈ છે. જેમાં ફોર્મ વિતરણ અને ભરેલા ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી પૂર્ણ થઈ ચુકી છે. હવે શાળાઓએ ભરાઈને આવેલા ફોર્મના આધારે મેરિટ યાદી તૈયાર કરી છે.